

Cadaver Organ Donor

# Lt. Jayasukhbhai Popatbhai Boghani

He Donated: Kidneys & Liver

Date:- 28/08/2018

DONATE LIFE™
an initiative for organ donation

# Punagam resident's liver saves Surendranagar man's life

TIMES NEWS NETWORK



Jaysukh Bodhani's wife Champa and sons Bhavesh and Pintu willingly agreed to donate his organs

**Surat:** A person from Surendranagar got new lease of life as a Leuva Patel family donated liver of their family member. The kidneys were also donated, which will be used for research work.

According to details of the incident, Jaysukh Bodhani (57), a resident of Punagam and originally from Amreli, was on a morning walk around 6.30am at Kargil Chowk on Sunday. There, he slipped and fell down, sustaining serious head injuries. Bodhani was taken to SMIMER, where he was first diagnosed with brain haemorrhage and on Monday declared brain dead.

His wife Champa (55), sons Bhavesh (37) and Pintu (32), both working in diamond companies, were convinced to donate Bodhani's organs. The sons said if their father's organs could give new lease of life to someone, they would go for organ donation.

Doctors from the Institute of Kidney Diseases and Research Centre (IKDRC), Ahmedabad, came and accepted the donation of two kidneys and liver of Bodhani. Kidneys were kept for research work, whereas liver was transplanted to the body of 34-year-old Jayesh Satpara of Surendranagar.

A non-governmental organization Donate Life facilitated the whole process.

# ब्रेन डेड जयसुख बोघाणी के अंगदान से परिवार ने समाज को प्रदान की नयी दिशा

लोकतेज संवाददाता



सूरत। हीरा उद्योग से जुड़े 57 वर्षीय जयसुख बोघाणी के ब्रेन डेड घोषित होने पर परिवार के सदस्यों ने अंगदान की सहमति देकर समाज को नयी दिशा प्रदान की। पुणागांव स्थित दामगीगेव सोसायटी के निवासी जयसुखभाई 26 अगस्त को मोर्निंग वॉक के लिए गए थे। रास्ते में रामेश्वर मंदिर के पास अचानक गिर जाने से सिर में चोट आने से बेहोश हो गए। उन्हें तत्काल स्मीमेर अस्पताल में चिकित्सा के लिए ले गए वहां से महावीर अस्पताल में भर्ती किया गया। 27 अगस्त को न्युरोफिजिशियन ने जयसुखभाई को ब्रेनडेड घोषित किया। अस्पताल के चिकित्सकों तथा डोनेट लाईफ के प्रमुख निलेश मांडलेवाला के समझाने पर परिवार के सदस्य जयसुखभाई के अंगदान को तैयार हुए। ब्रेनडेड जयसुखभाई का लिवर सुरेन्द्रनगर के जयेश महादेव सातपरा उम्र 34 में ट्रान्सप्लान्ट हुआ। दोनों किडनी अहमदाबाद की अस्पताल में रिसर्च के लिए रखी है। डोनेट लाईफ ने दक्षिण गुजरात से 271 किडनी, 111 लीवर, 6 पेन्क्रियास, 17 ह्रदय और 226 चक्षुओं का दान प्राप्त कर 629 लोगों को नया जीवन प्रदान किया।

## मॉर्निंग वॉक करते हुए गिरे हीरा व्यापारी ब्रेनडेड, परिजनों ने किया अंगदान, एक को मिला जीवन

**सूरत** | मॉर्निंग वॉक करते समय गिरने से ब्रेनडेड हुए हीरा व्यापारी के परिजनों ने उनके अंग दान कर दिए। इससे एक युवक को नया जीवन मिला। जानकारी के मुताबिक पूणागांव दामगी गेव सोसाइटी में रहने वाले जयसुखभाई पोपटभाई बोधाणी 26 अगस्त को मार्निंग वॉक करते समय रामेश्वर मंदिर कारगिल चौक के पास गिर गए। स्मीमेर अस्पताल में उनका इलाज किया गया। बाद में महावीर ट्रॉमा अस्पताल में उन्हें सोमवार को ब्रेनडेड घोषित कर दिया गया। डोनेट लाइफ के कहने पर परिजनों ने अंगदान कर दिया। अहमदाबाद के एक अस्पताल में उनका लीवर सुरेंद्रनगर के जयेशभाई सातपरा (34) को ट्रांसप्लांट किया गया।

# मॉर्निंग वॉक पर निकले वृद्ध की मौत होने पर परिजनों ने किया अंगदान

## किडनी और लीवर के दान से एक व्यक्ति को नवजीवन दिया

सामना संवाददाता

सूरत। पूणा गाम विस्तार में हीरा व्यापारी को मोर्निंग वॉक के दौरान चक्कर आने से बेहोशी की हालत में अस्पताल ले जाया गया। जहां डॉक्टरों ने ब्रेनडेड हो जाने से उन्हें मृत घोषित कर दिया। परन्तु परजिनों ने उनके दो किडनी और लीवर का दान किया जिससे एक व्यक्ति को नवजीवन प्रदान किया गया है। मूल अमरेली के हरिपुर के निवासी जयसुख पोपट बोघाड़ी (57 वर्ष) पूणा गाम स्थित दानगीगेव सोसायटी में परिवार के साथ रहते थे। गत 26 अगस्त के दिन मोर्निंग वॉक के दौरान कारगील चौक पर चक्कर आ जाने से बेहोशी की हालत में अस्पताल ले जाया गया। वहां पर डॉक्टरों ने उन्हें ब्रेनडेड घोषित कर दिया। डॉक्टरों ने डोनेट लाइफ से संपर्क कर उनके परिजनों को अंगदान का महत्व समझाया। परिवार ने अंगदान की सहमति दी तो दो किडनी और



लीवर का दान किया गया। दान में मिला लीवर सुरेन्द्र नगर के 34 वर्षीय जयेश महादेव सातपरा को ट्रान्सप्लांट किया गया। जबकि किडनी फिलहाल रिसर्च के लिए रखी गई है, ऐसी जानकारी डोनेट लाइफ के प्रमुख निलेश मांडलेवाला ने दी है।

# લેઉવા પટેલ સમાજના બ્રેઈન ડેડ આધેડનું અંગદાન કરાયું

સુરત, તા.૨૮

મુળ અમરેલી જિલ્લાના હરીપુરા ગામના અને હાલ પુણાગામ દાનગીગેવ સોસાયટીમાં રહેતા ૫૭ વર્ષિય જયસુખભાઇ પોપટભાઇ બોયાણી હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમનું બ્રેઈન ડેડ થતા પરિવારે જયસુખભાઇના કિડની અને લિવરનું દાન કરી એક વ્યક્તિને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી હતી.



રવિવાર તા.૨૬ ઓગસ્ટના રોજ જયસુખભાઇ સવારે ૬:૩૦ કલાકે મોર્નીંગ વોક પર ગયા હતા ત્યારે રસ્તામાં રામેશ્વર મંદિર કારગીલ ચોક પાસે અચાનક નીચે પડી જતા માંથાના ભાગમાં ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પીટલમાં દાખલ કરાતા બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. વધુ સારવારમાં માટે તેમને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. જ્યાં સારવાર બાદ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા.

આ અંગે મહાવીર ટ્રોમા હોસ્પીટલના ડો. સોનલે ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી માહિતી આપતા ડોનેટ લાઇફની ટીમે હોસ્પિટલ પહોંચી જયસુખભાઇના પુત્રો ભાવેશ અને પીન્ટુ, ભાઇ રમેશભાઇ અને મનસુખભાઇ, મામા ધીરુભાઇ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારે અંગદાનની સંમતી આપી હતી. દાનમાં મેળવવામાં આવેલ લિવરનું ટ્રાન્સપ્લાન્ટ સુરેન્દ્રનગરના જયેશભાઇ મહાદેવભાઇ સાતપરા (ઉ.વ ૩૪)માં અમદાવાદ ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. જયારે બંને કિડની રીસર્ચ માટે રાખવામાં આવી હતી. સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઇફ દ્વારા ૨૭૧ કિડની, ૧૧૧ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૮ હૃદય અને ૨૨૬ ચક્ષુઓના દાન મેળવીને ૬૨૯ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**અંગદાન** પુણાગામના જયસુખ પોપટ બોઘાણી મોર્નિંગ વોક કરતી વખતે પડી જતા બ્રેનડેડ થયાં

# હીરા વેપારીના અંગોનું પરિવારે દાન કર્યું

સિટી રિપોર્ટર | સુરત

મોર્નિંગ વોક કરતી વખતે પડી જતા બ્રેનડેડ થયેલા હીરા વેપારીના પરિવારે તેમના અંગોનું દાન કરી એક વ્યક્તિને નવજીવન આપ્યું છે. બે દિવસ પહેલા મોર્નિંગ વોક કરતી વખતે પડી જતા માથામાં ગંભીર ઈજા થયા બાદ સારવાર દરમિયાન તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. પુણાગામ દામગીગેવ સોસાયટી ખાતે રહેતા જયસુખભાઈ પોપટભાઈ બોઘાણી હીરાના વ્યવસાય સાથે સંકડાયેલા હતા.

ગઈ તા.૨૯ ઓગસ્ટના રોજ જયસુખભાઈ સવારે મોર્નિંગ વોક કરવા ગયા હતા. ત્યારે રસ્તામાં રામેશ્વર મંદિર કારગીલ ચોક પાસે અચાનક નીચે પડી જતા તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને તેઓ બેભાન થઈ ગયા હતા. જેથી તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં સીટી-સ્કેન કરાવતા બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. જેથી તેમને વધુ સારવારમાં માટે મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ખસેડાયા હતા જ્યા સોમવારે જયસુખભાઈને બ્રેનડેડ જાહેર કર્યા હતા.મહાવીર ટ્રોમા હોસ્પીટલના ડોક્ટરે બ્રેનડેડ અંગેની માહિતી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી જયસુખભાઈના પરિવારના સભ્યોને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું હતું પરિવારજનોની સંમતિ મળતા અમદાવાદની IKDRCની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું હતુ. દાનમાં મેળવવામાં આવેલ લિવરનું ટ્રાન્સપ્લાન્ટ સુરેન્દ્રનગરના જયેશભાઈ મહાદેવભાઈ સાતપરા ઉ.વ ૩૪માં કરાયું છે. જ્યારે બંને કિડની રીસર્ચ માટે રાખવામાં આવી છે.

# લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ પ્રૌઢના અંગદાનથી અન્યને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, મંગળવાર

પુણાગામ ખાતે મોર્નીંગ વોક કરવા ગયેલા વૃધ્ધ પડી જતાં બ્રેઈનડેડ જાહેર કરાયા બાદ તેમની કિડની અને લિવરના દાનથી અન્યોને નવજીવન મળ્યું છે.

સ્મીમેર હોસ્પિટલથી મળેલી વિગત મુજબ મૂળ અમરેલી જિલ્લામાં હરીપુરાના વતની અને હાલમાં પુણાગામમાં સત્યનારાયણ સોસાયટી પાસે દાનગીગેવ સોસાયટીમાં રહેતા લેઉવા પટેલ સમાજના જયસુખભાઇ પોપટભાઇ બોઘાણી (ઉ.વ. ૫૭) સંતાનમાં ૨ પુત્ર હીરાના કામ સાથે સંકળાયેલા છે. તે પણ હીરાના ધંધા સાથે સંકળાયેલ હતા.

તા. ૨૯મીએ સવારે જયસુખભાઇ મોનીંગ વોક માટે નીકળ્યા ત્યારે પુણામાં રામેશ્વર મંદિર કારગીલ ચોક પાસે નીચે પટકાતા માથામાં ઇજા થતાં બેભાન થઇ ગયા હતા. સ્મીમેરમાં ગઇકાલે તેમને બ્રેઇનડેડ જાહેર કરાયા હતા.

આ અંગે જાણ થતાં ડોનેટ લાઇફ સંસ્થાએ તેમના પરિવારજનોને સમજાવતા તેઓ મૃતકના અંગદાન માટે સંમત થયા હતા. દાનમાં મળેલું લિવર સુરેન્દ્રનગરના જયેશભાઇ મહાદેવભાઇ સાતપરા (ઉ.વ. ૩૪)ને ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે. જ્યારે બંને કિડની રીસર્ચ માટે રાખવામાં આવી છે.

## કિડની અને લિવરનું દાન મેળવી એક વ્યક્તિને નવજીવન આપ્યું

# મોર્નિંગ વોક પર નીકળેલાં વૃદ્ધનું મોત થતાં પરિવારે કર્યું અંગદાન

**સુરત.તા.૨૮**

પુણાગામ વિસ્તારના હીરા વ્યવસાયકારનું મોર્નિંગ વોક દરમિયાન ચક્કર આવતા પડવાને કારણે બેભાન અવસ્થામાં બ્રેઈનડેડ જાહેર કરતાં પરિવારે બે કિડની, લિવરનું દાન કર્યું હતું. જેનાથી એકને નવજીવન મળ્યું હતું.

મૂળ અમરેલીના હરીપુરાના વતની જયસુખ પોપટ મોવાલી(૫૭) પુણાગામની દાનગીગેવ સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા અને હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમને સંતાનમાં બે પુત્રો છે. દરમિયાન ગત રવિવારના રોજ સવારે મોર્નિંગ વોક પર ગયાં હતાં જ્યાં કારગીલ ચોક પાસે અચાનક પડી જતાં માથાના ભાગે ઈજા થઈ હતી. સારવાર દરમિયાન રવિવારના રોજ તેઓને બ્રેઈનડેડ જાહેર કરાયાં હતાં. તબીબોએ ડોનેટ લાઈફના સંપર્ક સાધતાં ડોનેટ લાઈફની ટીમે જયસુખભાઈના પરિવારને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. પરિવારે અંગદાનની સહમતિ આપતાં બે કિડની અને લિવર દાનમાં લેવાયું હતું.

દાનમાં મળેલું લિવર સુરેન્દ્રનગરના રહેવાસી ૩૪ વર્ષીય જયેશ મહાદેવ સાતપરામાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. જ્યારે કિડનીઓ હાલ રીસર્ચ માટે રાખવામાં આવી હોવાનું ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું.



# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: january 2006 to 28th August 2018**

**271**
**KIDNEYS**

**111**
**LIVERS**

**6**
**PANCREAS**

**18**
**HEARTS**

**226**
**CORNEA**

DONATE LIFE™
an initiative for organ donation

**Which has given new lease of life &
vision to 629 persons across the country & globe**